# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્લોવાકિયાના તેમના સમકક્ષ રોબર્ટ ફિકો સાથે આજે વાતચીત કરશે.

2) 52મી G7 સમિટ આજથી ફ્રાન્સના એવિયન ખાતે શરૂ થશે - પ્રધાનમંત્રી આવતીકાલે આઉટરીચ સત્રોમાં ભાગ લેશે.

3) NTAએ NEET-મેડિકલ પ્રવેશની પુનઃપરીક્ષા માટેના પ્રવેશ કાર્ડ જાહેર કર્યા.

4) અમેરિકા અને ઈરાને યુદ્ધનો અંત લાવવાના કરાર સંમતી સધાઇ હોવાની ટ્રમ્પની જાહેરાત - હોર્મુઝ ખુલવાનો માર્ગ મોકળો.

5) ICC મહિલા T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, ભારતે પાકિસ્તાનને 64 રનથી હરાવ્યું.

6) ૧૯મો મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ આજથી શરૂ થશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્લોવાકિયાની રાજધાની બ્રાતિસ્લાવામાં તેમના સ્લોવાક સમકક્ષ રોબર્ટ ફિકો સાથે વાતચીત કરશે.

## બાઇટ - SMITHI

શ્રી મોદી સ્લોવાકના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિનીને પણ મળશે. શ્રી મોદીએ કહ્યું કે, આ મુલાકાત ભારત-સ્લોવાકિયા સંબંધોને વધુ ગાઢ બનાવવાની અને બંને દેશો વચ્ચે સહયોગના નવા માર્ગો શોધવાની તક પૂરી પાડે છે.

આ મુલાકાત વેપાર, રોકાણ અને ઓટોમોબાઈલ અને રેલ્વે ઉત્પાદન સહિત વિવિધ ક્ષેત્રોમાં સ્લોવાકિયા સાથેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

# G7

52મી G7 સમિટ આજથી ફ્રાન્સના એવિયન ખાતે શરૂ થશે. આ 3 દિવસીય કાર્યક્રમમાં G7 સભ્યો - કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન, બ્રિટેન, અમેરિકા અને યુરોપિયન યુનિયન ભાગ લઈ રહ્યા છે.

સભ્યો ઉપરાંત, ફ્રાન્સે ભારત, બ્રાઝિલ, ઇજિપ્ત, કેન્યા, દક્ષિણ કોરિયા, કતાર, સાઉદી અરેબિયા, સીરિયા, યુક્રેન અને યુએઈને 'આઉટરીચ પાર્ટનર કન્ટ્રી' તરીકે આમંત્રણ આપ્યું છે.

આ 13મી વખત હશે જ્યારે ભારત 'પાર્ટનર કન્ટ્રી' તરીકે G7 સમિટમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આઉટરીચ સત્રોમાં ભાગ લેશે. G7 સમિટમાં પીએમ મોદીની ભાગીદારી વૈશ્વિક ભૂરાજનીતિમાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે.

**BYTE: ANKIT G7**

# NEET RE-EXAM

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ અંડરગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનમાં પ્રવેશ માટે NEET UG પુનઃપરીક્ષા માટે પ્રવેશ કાર્ડ જાહેર કર્યા છે.

ઉમેદવારો NTAની સત્તાવાર વેબસાઇટ, neet.nta.nic.in પરથી તેમના પ્રવેશ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે. પુનઃપરીક્ષા આ મહિનાની 21મી તારીખે બપોરે 2 વાગ્યાથી સાંજે 5:15 વાગ્યા સુધી યોજાવાની છે.

# GADKARI SHILLONG VISIT

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી આજે શિલોંગની મુલાકાતે જશે. ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં માળખાગત વિકાસ અને કનેક્ટિવિટીના મુખ્ય કાર્યક્રમોમાં ભાગ લેશે.

કેન્દ્રીય મંત્રી આજે શિલોંગના માવકાસિયાંગમાં લારીતી પર્ફોર્મન્સ સેન્ટર ખાતે ઉત્તર પૂર્વ ભારત માળખાગત સમિટ અને પ્રદર્શન (NEIINFRA) 2026નું ઉદ્ઘાટન કરશે. કેન્દ્રીય મંત્રી મેઘાલયમાં 3,214 કરોડના રોકાણ સાથે છ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સના રાષ્ટ્રને સમર્પિત અને શિલાન્યાસ કરશે.

આ પ્રોજેક્ટ્સ રોડ કનેક્ટિવિટીને મોટો વેગ આપશે, અંતરિયાળના વિસ્તારોમાં પહોંચ સુધારશે અને મેઘાલય અને વ્યાપક ઉત્તર પૂર્વીય ક્ષેત્રના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપશે તેવી અપેક્ષા છે.

# IRAN –US WAR END

અમેરિકા અને ઈરાને તેમના ૧૦૭ દિવસના યુદ્ધનો અંત લાવવા એક કરારને અંતિમ સ્વરૂપ આપ્યું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે રાત્રે સોશિયલ ટ્રુથની જાહેરાત કરતા કહ્યું કે અમેરિકા ઈરાની બંદરો પર તેની નૌકાદળ નાકાબંધી સમાપ્ત કરશે.

શાંતિ કરાર પર ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર કરવામાં આવશે. ટ્રમ્પે કહ્યું કે કરાર પર સત્તાવાર હસ્તાક્ષર થયા પછી શુક્રવારે હોર્મુઝ સ્ટ્રેટ ખુલશે.

તેમણે કહ્યું કે, આ કરાર સમગ્ર ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા લાવશે. આ કરારમાં અમેરિકા અને ઈરાનને ૬૦ દિવસની વિન્ડો દરમિયાન ઈરાનના પરમાણુ સંવર્ધન અને તેના અત્યંત સંવર્ધિત યુરેનિયમના નિકાલ પર વાટાઘાટો કરવા માટે કહેવામાં આવ્યું છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે જણાવ્યું હતું કે લેબનોન સહિત તમામ મોરચે યુદ્ધ અને લશ્કરી કામગીરી આજ રાતથી કાયમી ધોરણે સમાપ્ત થઈ જશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JITENDRA-SPACE ECONOMY

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, ભારતનું અવકાશ અર્થતંત્ર આગામી દાયકામાં વર્તમાન 8 થી 9 અબજ ડોલરથી વધીને લગભગ 40 થી 45 અબજ ડોલર સુધી પહોંચવાની તૈયારીમાં છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે, આ વૃદ્ધિ નીતિગત સુધારાઓ, વધતી જતી ખાનગી ભાગીદારી અને ઝડપથી વિસ્તરતી નવીનતા ઇકોસિસ્ટમ દ્વારા પ્રેરિત છે.

**બાઇટ – જયા ભારતી**

# INVESTIGATION BIHAR

ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીની પાર્ટીના ધારાસભ્યોના બનાવટી સિગ્નેચર - સહી કરવાના કેસમાં કથિત સંડોવણી બદલ નવ કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, એજન્સીએ ગઈકાલે ભવાની ભવનમાં તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય કુણાલ ઘોષ અને અભિષેક બેનર્જીની રૂબરૂ પૂછપરછ કરી હતી.

# WOMENS T20 WC CRICKET

ICC મહિલા T20 વર્લ્ડ કપમાં, ભારતે બર્મિંગહામના એજબેસ્ટનમાં ગ્રુપ A ક્રિકેટમાં પાકિસ્તાનને 64 રનથી હરાવ્યું.

ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતે, પાકિસ્તાનને 171 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં પાકિસ્તાન 17 ઓવરમાં 106 રન જ બનાવી શક્યું. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 170 રન બનાવ્યા. સ્મૃતિ મંધાનાએ 44 બોલમાં 68 રન બનાવીને સૌથી વધુ રન બનાવ્યા. અગાઉ દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

દિવસના બીજા મુકાબલામાં, બાંગ્લાદેશે નેધરલેન્ડ્સ પર છ વિકેટથી વિજય મેળવ્યો. બેટિંગ કરવાનો નિર્ણય લેતા, નેધરલેન્ડ્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 138 રન બનાવ્યા. જવાબમાં, બાંગ્લાદેશે 19.1 ઓવરમાં 4 વિકેટે 141 રન બનાવીને આરામથી લક્ષ્યનો પીછો કર્યો. જુઇરિયા ફરદૌસને 33 બોલમાં 50 રનની મેચવિનિંગ ઇનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

આ એક મહિના સુધી ચાલનારી ટુર્નામેન્ટ સમગ્ર ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રમાઈ રહી છે, અને ફાઇનલ મેચ 5 જુલાઈએ લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે.

# MIFF

૧૯મો મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (MIFF) આજથી શરૂ થશે. મુંબઈના રવિન્દ્ર નાટ્ય મંદિર ખાતે ફિલ્મોનું પ્રદર્શન સવારથી શરૂ થશે.

આ વર્ષે, સ્પર્ધા વિભાગમાં ૧૪૪ ફિલ્મોનો સમાવેશ થાય છે, જેમાં ૫૨ આંતરરાષ્ટ્રીય અને ૯૨ રાષ્ટ્રીય એન્ટ્રીઓનો સમાવેશ થાય છે.

૧૩ દેશના અનેક ફિલ્મ નિર્માતાઓની ફિલ્મ અહી દર્શાવવામાં આવશે, જ્યારે બિન-સ્પર્ધા વિભાગમાં કુલ ૨૦૨ ફિલ્મ દર્શાવવામાં આવશે, જેમાં ૧૦૬ આંતરરાષ્ટ્રીય ટાઇટલ અને ૪૬ ભાગ લેનારા દેશોની ૯૬ રાષ્ટ્રીય ફિલ્મનો સમાવેશ થાય છે.

## FIFA WORLD CUP

ફિફા વર્લ્ડકપ 2026ના ચોથા દિવસે, અમેરિકાના હ્યુસ્ટન ખાતે ગ્રુપ Eમાં જર્મનીએ કુરાકા વચ્ચેની મેચમાં 7 -1 જીતી લીધી છે.

અન્ય એક મેચમાં, ડલ્લાસ સ્ટેડિયમ ખાતે ગ્રુપ Fમાં નેધરલેન્ડ્સ જાપાનની મેચમાં નેધરલેન્ડ્સ 2 અને જાપાન 2 સાથે મેચ ડ્રો રહી હતી.

આજે, મેક્સિકોના મોન્ટેરી સ્ટેડિયમ ખાતે ગ્રુપ Fના મેચમાં ટ્યુનિશિયા અને સ્વીડન ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 7:30 વાગ્યે શરૂ થશે. આજે અન્ય એક ઇવેન્ટમાં, સ્પેન યુનાઇટેડ સ્ટેટ્સના એટલાન્ટા સ્ટેડિયમ ખાતે ગ્રુપ Hના મેચમાં કાબો વર્ડે સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 9:30 વાગ્યે શરૂ થશે.

# <u>આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા</u>

1. આજે આખબરોમાં વિવિધ સમાચાર વાંચવા મળી રહ્યા છે.
2. સંદેશ લખે છે કે, ભારતમાં સ્ટાર્ટઅપ્સ, પરિવર્તનનો ક્રાંતિકારી તબક્કો: મોદી.
3. ગુજરાત સમાચારે લખ્યું છે કે, યુએસ ભારતીય જહાજ પર જ હુમલા કરે છે, વધુ એકનું મોત.
4. દિવ્ય ભાસ્કર લખે છે કે, ભારત અને ફ્રાન્સ બનાવી શકે છે **AI**નું ઓપન સોર્સ મોડેલ.
5. નવગુજરાત સમય લખે છે કે, હોર્મુઝમાં મુક્ત, સુરક્ષિત પરિવહન બહાલ કરો: મોદી-મેક્રોન
6. અને  ફૂલછાબ લખે છે કે, હોર્મુઝ ખુલશે, છુટ્ટા થશે ઈરાનના અટવાયેલા **25** અબજ ડૉલર.
7. સ્થાનિક સમાચારોમાં, આજે નવી ઉદ્યોગ નીતિ: વાઇબ્રન્ટ ગુજરાત સમિટ - **2027** પહેલા નીતિગત મેગા બ્લૂપ્રિન્ટ રજૂ થશે, મેટ્રીમોનિયલ સાઇટ પર નકલી પ્રોફાઇલ બનાવી **20** મહિલાને ફસાવી, **8** હજાર વિડીયો મળ્યા, સૌરાષ્ટ્રમાં **25** જૂનથી **02** જુલાઇ સુધીમાં વાવણીલાયક વરસાદની આગાહી, રાજકોટના બાળ સંરક્ષણ ગૃહમાંથી **11** બાળક ફરાર જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.